Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 10, Issue 2, December 2024
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# આદિવાસી સમુદાયની આર્થિક સમસ્યાઓ

**શ્રી. મહેશભાઇ એલ. વસાવા**

પીએચ.ડી. સ્કોલર,
સમાજશાસ્ત્ર વિભાગ અને ટેમ્પરરી આસિસ્ટન્ટ પ્રોફેસર,
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ,
વી.ન.દ.ગુ.યુનિ. સુરત, સુરત – ગુજરાત

સારાંશ:

*વિશ્વમાં આદિવાસી વસ્તી ૬ ટકા, ભારતમાં ૮.૨૦ ટકા, ગુજરાતમાં ૧૫ ટકા છે. ભારતના આદિવાસીઓની સંસ્કૃતિ, ભૌગોલિક વાતાવરણ, અર્થવ્યવસ્થા, યાંત્રિકજ્ઞાન અન્ય સમાજોથી અલગ તરી આવે છે. આદિવાસીઓની અર્થવ્યવસ્થાનો ખ્યાલ સામાજિક-સાંસ્કૃતિક પરિબળોને ધ્યાનમાં રાખીને જ કરી શકાય, કારણકે તેઓની આર્થિક પ્રવૃતિઓ સામાજિક અને સાંસ્કૃતિક માળખામાં રહીને પાંગરે છે. અર્થવ્યવસ્થા એ સમાજની જ એક પેટાવ્યવસ્થા છે. દરેક સમુદાય પોતાની પ્રાથમિક જરૂરિયાત સંતોષવા માટે વિવિધ માર્ગો અપનાવે છે, જેમાં તેને અનેક સામાજિક-આર્થિક, સાંસ્કૃતિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આદિવાસી સમુદાયની આર્થિક સમાસ્યાઓમાં ગરીબી, બેકારી, નિરક્ષરતા, નિચિ ઉત્પાદન ક્ષમતા, સ્થળાંતરના પ્રશ્નો અને સાદી ટેકનોલોજી જેવી અનેક સમસ્યાઓનો સમાવેશ થાય છે.*

(ચાવીરૂપ શબ્દો: આદિવાસી, સમુદાય, સમસ્યાઓ)

**પ્રસ્તાવના:**

વિશ્વના વૈવિધ્યસભર લોકસમુદાયોમાં ભારતનો આદિવાસી સમાજ વિભિન્નતાભર્યો દેખાય છે. વિશ્વમાં આદિવાસી વસ્તી ૬ ટકા, ભારતમાં ૮.૨૦ ટકા, ગુજરાતમાં ૧૫ ટકા છે. ભારતની વિવિધતાસભર આદિમજાતિઓમાં તેઓની જીવનપધ્ધતિ, જીવનદ્રષ્ટિ, આગવી સમાજ વ્યવસ્થા-અર્થવ્યવસ્થા અને આગવી સાંસ્કૃતિક પરંપરાઓનું દર્શન થાય છે. આદિવાસીઓ પ્રાચીન કાળથી જંગલમાં વસતા આવ્યા છે. આદિવાસીઓનું જીવન જંગલ સાથે જ જોડાયેલું છે. મોટા ભાગના આદિવાસીઓ માટે જંગલ એ તેમનું ઘર છે, જીવવાનું સાધન છે. જંગલમાંથી તેઓ અનાજ, ફળ, કંદમુળ, પાન, મધ, માછલી, ઇમારતી લાકડું, બળતણનું લાકડું, ઘાસચારો વગેરે રોજબરોજની જરૂરીયાતો પુરી કરે છે. આમ યુગોથી વન અને વનપેદાશો આદિવાસીઓ માટે સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક વિકાસમાં પાયારૂપ ભૂમિકા ભજવતા આવ્યા છે. આદિવાસીઓની અર્થવ્યવસ્થાનો ખ્યાલ સામાજિક-સાંસ્કૃતિક પરિબળોને ધ્યાનમાં રાખીને જ કરી શકાય, કારણકે તેઓની આર્થિક પ્રવૃતિઓ સામાજિક અને સાંસ્કૃતિક માળખામાં રહીને પાંગરે છે. અર્થવ્યવસ્થા એ સમાજની જ એક પેટાવ્યવસ્થા છે. સામુદાયિક જીવનમાં આર્થિક પ્રવૃતિ એ મહત્વની બાબત છે અને તે સમાજમાં દરજ્જો નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. દરેક સમુદાય પોતાની પ્રાથમિક જરૂરિયાત સંતોષવા માટે વિવિધ માર્ગો અપનાવે છે.

**આદિવાસીનો અર્થ:**

ભારતમાં આદિવાસીઓ માટે વિદ્વાનોએ આપેલા નામો, ડૉ. એલ્વિન અને રિઝલી - અસલના મૂળવતની તરીકે, હટ્ટન - આદિજાતિઓ તરીકે, કાલેલકર - ગિરિજન કે ભૂમિજન તરીકે, ડૉ. જી.એસ. ધૂર્ય - પછાત હિન્દુઓ તરીકે, વેબસ્ટરના શબ્દ કોષમાં દર્શાવ્યા મુજબ આદિમ એટલે પ્રથમ, પ્રાથમિક, પ્રાચીન કાલગ્રસ્ત વગેરે. આદિવાસી માટે અંગ્રેજીમાં "એબોરિજીનલ" એટલે (મુળવતનીઓ) કે પ્રિમીટીવ જેવા શબ્દો વપરાય છે. ભારતમાં આદીવાસી માટે ટ્રાયબલ(tribal) શબ્દ પ્રચલીત છે. આદિવાસી એટલે પ્રાચીન સમયથી રહેતો આવેલો અને હાલ માનવ સંસ્કૃતિના પ્રારંભિક જીવન જીવતો જન સમૂહ.

ડૉ. ડી. એન. મજુમદારે આદિમજાતિની વ્યાખ્યા આપતા નોંધ્યું છે કે ‘આદિમજાતિ એ કુટુંબો અથવા કુટુંબ-જૂથોનું એવું સંકલન છે કે જેને સામાન્ય નામ, ભાષા અને પ્રદેશ હોય છે. આદિમજાતિના સભ્યો લગ્ન, વ્યવસાય અને ઉદ્યોગોના સંદર્ભમાં કેટલાક નિષેધોનું પાલન કરે છે, તથા એકબીજા પ્રત્યેની ફરજો અને આવકારની વ્યવસ્થિત પદ્ધતિ ધરાવતા જોવા મળે છે.'

પેરીના મતે 'આદિમજાતિ એટલે સર્વસામાન્ય પ્રદેશમાં વસતો, તેમજ એક ભાષા કે બોલી બોલતો સમૂહ.'

આદિવાસીઓની અર્થવ્યવસ્થા અંગે ડી.એસ. નાગ અને આર.પી. સક્સેનાએ (૧૯૫૮) બૈંગા આદિવાસીની અર્થવ્યવસ્થાનો અભ્યાસ કર્યો હતો. સક્સેનાએ (૧૯૬૪) મધ્યપ્રદેશની જુદા જુદા આદિવાસીઓની આર્થિક વ્યવસ્થા અંગે અભ્યાસ કર્યો હતો. એલ.પી. વિદ્યાર્થીએ (૧૯૬૩) આદિવાસીઓની ફરતી ખેતીના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. રાયે (૧૯૬૭) આદિવાસીઓની જંગલ પેદાશોનું એકત્રીકરણ અને તેમની કેટલીક જુદી જુદી ચીજવસ્તુઓની બનાવટનો અભ્યાસ કરેલ છે. ટૂંકમાં આદિવાસીઓની અર્થવ્યવસ્થાનો મોટા ભાગનો આધાર કૃષિ અને વન પેદાશો ઉપર રહેલ છે.

**આર્થિક સમસ્યાઓ:**

**(1) ગરીબી :**

જીવન ટકાવવા ન્યૂનતમ કેલેરી (દૈનિક-૨૫૦૦) વાળો ખોરાક ન મળી શકતો હોય, રહેવા સ્વચ્છ હવામાનથી સભર નાનકડો રૂમ ઉપલબ્ધ ન હોય, વાર્ષિક ૧૦ થી ૧૨ મીટર કાપડ ન મળતું હોય તો તેવી વ્યક્તિ કે કુટુંબો ગરીબની પરિભાષામાં સમાય છે. ગુજરાતની ૧૫ ટકા આદિવાસી વસ્તીમાંથી વધુમાં વધુ ૨૦ ટકાને બાદ કરતાં બાકીની પ્રજા ગરીબીના ઘરમાં રહેતી જોવા મળે છે. છૂટાછવાયાં નાનાં-નાનાં ઝૂંપડાં, ખાવા માટે મળતા માંડ માંડ અનાજના રોટલા, ફાટેલાં વસ્ત્રો-આ બધી નિશાની આ જનસમૂહની જોવા મળે છે. ગરીબી માટે શિક્ષણ, મૂડી, ગૃહ-ગ્રામોદ્યોગની ઊણપ, અજ્ઞાનતા, શોષણ વગેરે કારણો જવાબદાર છે. બે ટંક પેટ ભરવા આખા કુટુંબને સતત જંગલ કે ખેતરમાં ભટકવું પડે છે. આદિવાસી પ્રજાને પહેલી નજરે જોવાથી જ આપણને તેમની ગરીબાઈ વિશેનો અંદાજ આવે છે.

**(2) બેકારી :**

આદિવાસી વિસ્તારોમાં રોજગારી માટેની તકો નહીંવત છે. જંગલની ગૌણ પેદાશોનું એકત્રીકરણ, હયાત બે કે ત્રણ ખેતરમાં ચોમાસા પૂરતી ખેતી કે પછી સરકારી રાહતકામમાં રોજગારી મેળવે છે. દરેક વ્યક્તિને વર્ષના બાર મહિના પૂરતી રોજગારી મળતી નથી. વળી, આ ક્ષેત્રો કે જેમાં સંગઠનનું તત્વ નથી, તેથી તેઓનું આર્થિક શોષણ થાય છે. પૂરતું કામ ન મળવાથી આ પ્રજા તેના ગામથી ઘણે દૂર શહેરમાં ના છૂટકે રોજગારી મેળવવા જવું પડે છે. શહેરમાં પણ

તેનું શોષણ થાય છે. આમ પોતાની લાયકાત જેવું કામ ન મળવાથી આ પ્રજા ઘણા દિવસો બેકાર રહે છે. જીવનની મૂળભૂત આ બે સમસ્યાઓ (ગરીબી અને બેકારી) આ પ્રજાને આજ સુધી છોડી શકી નથી.

**(3) ઊંચો વસ્તી વૃધ્ધિદર** :

દેશ તથા ગુજરાતમાં 1961 થી 2011 સુધીના પાંચ દાયકામાં આદિવાસી વસ્તીનો વૃદ્ધિદર નીચેના કોષ્ટકમાં જોવા મળે છે.

કોષ્ટક-1

આદિવાસી વસ્તીવૃદ્ધિ દર

| વર્ષ (દશક) | આદિવાસી વસ્તીવૃદ્ધિ દર (ટકામાં) | |
|---|---|---|
| | ગુજરાત | ભારત |
| 1961-1971 | 35.58 | 26.3 |
| 1971-1981 | 29.86 | 35.8 |
| 1981-1991 | 27.07 | 31.4 |
| 1991-2001 | 21.41 | 24.3 |
| 2001-2011 | 19.3 | 17.7 |

ઉપરોક્ત કોષ્ટકના આંકડા બતાવે છે કે દેશ તેમજ રાજયમાં હજુ પણ આદિવાસી વસ્તીનો વૃદ્ધિદર ઘણો ઊંચો છે. આથી થોડી જમીનના ટુકડામાં વધારે સભ્યોનો જીવન નિર્વાહ મુશ્કેલ બને છે અને તેથી તેઓ તેમના શિક્ષણ, આરોગ્ય પાછળ નહીંવત રકમ ખર્ચે છે, જેનાથી પુનઃ ગરીબીના વિષચક્રમાં તેઓ ફસાય છે.

**(4) નિરક્ષરતા** :

આદિવાસી પ્રજા ગરીબીને લીધે પૂરતું શિક્ષણ મેળવી શકતી નથી. ગુજરાતમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ 62.5 ટકા છે. એટલે કે ગુજરાતમાં 37.5 ટકા આદિવાસીઓ આજે પણ શિક્ષણ મેળવી શકતા નથી. આમ નબળી આર્થિક સ્થિતિના લીધે શિક્ષણનું પ્રમાણ નીચું રહે છે. આના લીધે રોજગારી ઓછી મળે છે અને છેલ્લે આવક નીચી રહે છે. જેના માટે સ્થળાંતર,

અજ્ઞાનતા, જાગૃતિનો અભાવ, કન્યાઓની ઉપેક્ષા (ઘરકામ માટે રાખવી) તથા યોગ્ય શૈક્ષણિક વાતાવરણનો અભાવ વગેરે કારણો જવાબદાર છે.

**(5) જંગલ-આધારિત અર્થવ્યવસ્થા** :

આદિવાસીઓ જેના થકી ઓળખાય છે તે જંગલ. તેમના જીવન માટે કામધેનુ સમાન છે. આદિવાસીઓને મન જંગલ એ રહેવા માટેનું મનપસંદ સ્થળ, આજીવિકાનું સાધન અને જિંદગી માણવાનો આધાર છે. જંગલ સાથે એમનું આખું જીવન વણાઈ ગયેલું છે. આજના સમયમાં સરકારી તંત્રની કેટલીક નીતિઓને લીધે આ પ્રજા જંગલમાં પોતાની ખેતી તથા અન્ય આજીવિકાના કામ કરતાં ડરવા લાગી છે. જંગલ નીતિના નામે આ પ્રજા પર જુલમો થાય છે. તેમના પર ખોટા કેસો થાય છે. ગુજરાતમાં ૯.૮૯ ટકા જમીન પર જંગલો આવેલાં છે, તેમાંથી આશરે ૭૧ ટકા અનામત, ૫ ટકા રક્ષિત અને ૨૪ ટકા જંગલો બિનવર્ગીકૃત છે. ગુજરાત સરકારે ૧૯૮૦ સુધી આદિવાસીઓ દ્વારા ખેડાતી જમીન નામે કરી આપવાનું જાહેર કર્યા છતાં આજ સુધી હજારો પરિવારોને આ અધિકાર આપવામાં આવ્યા નથી. ગુજરાત સરકારના વન મંત્રાલયના ૧૯૯૨ના પરિપત્ર મુજબ દરેક જિલ્લામાં કેટલી જંગલ જમીન ખેડાય છે તેની યાદી દરેક ગામની પંચાયતે ચોંટાડવાની ફરજ જંગલખાતાની છે, જેનો અમલ હજુ થયો નથી. ટૂંકમાં, જંગલ પર આધારિત અર્થવ્યવસ્થા એ પણ પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે આદિવાસી પ્રજાની આર્થિક સમસ્યાને ગાઢ કરે છે.

**(6) નીચી ઉત્પાદન ક્ષમતા** :

આદિવાસી વિસ્તારોમાં કૃષિ તેમજ બિન કૃષિ ક્ષેત્રનો વિકાસ હજુ પણ ઘણો ઓછો જોવા મળે છે. તેથી સ્થાનિક ક્ષેત્રે કામ ઓછું મળે છે. યોગ્ય તાલીમ અને શિક્ષણના અભાવથી તેઓની કાર્યક્ષમતા નીચી હોવાથી અર્થશાસ્ત્રના નિયમ પ્રમાણે તેઓને વેતનો પણ નીચાં મળે છે. આ પ્રજાના અમુક ભાગને પેટનો ખાડો પૂરવા ફરજિયાતપણે શહેરના બાંધકામ ઉદ્યોગમાં મજૂર તરીકે વર્ષના આઠ માસ હંગામી કે કેટલીક વાર કાયમી સ્થળાંતર કરવું પડે છે. આમ, શિક્ષણના અભાવને લીધે આ પ્રજાની ઉત્પાદકતા નીચી છે.

**(7) સ્થળાંતરનો પ્રશ્ન** :

આદિવાસી પ્રજા જંગલ, ડુંગર, જમીનના નાના ટુકડાથી પોતાનું જીવન વ્યતીત કરે છે. ખેતી મુખ્યત્વે વરસાદ આધારિત હોય છે, તેથી રોજગારી તથા ન્યૂનતમ આવક માટે નજીકના કે દૂરના શહેરો તથા ગામડાઓમાં હંગામી સ્થળાંતર કરવું પડે છે. સ્થળાંતર કરવાથી તેમના

બાળકોને તેઓ સરકારી પ્રાથમિક શાળામાં પણ મૂકી શકતા નથી. વળી, સ્થળાંતરના સ્થળે રહેઠાણ, પાણીની વ્યવસ્થા અત્યંત કથળેલી પ્રાપ્ત થાય છે, તેથી તેમના આરોગ્ય સાથે પણ ચેડા થાય છે. મજબૂરીના લીધે તેઓ શારીરિક શ્રમના રૂપમાં સ્થળાંતર કરે છે, તેથી આર્થિક અને કેટલીક વાર શારીરિક શોષણનો પણ ભોગ બને છે.

**(8) નહીંવત જમીન** :

મોટા ભાગના આદિવાસીઓ કાં તો સીમાંત ખેડૂત અથવા નાના ખેડૂતની વ્યાખ્યામાં આવે છે, એટલે કે પાંચ એકરથી વધુ જમીન ભાગ્યે જ કોઈ ધનિક આદિવાસી કુટુંબની પાસે જોવા મળે છે. કુલ વસ્તીના ૧૫ ટકા વસ્તી અનામતના લાભોને મેળવીને મોટા ખેડૂતના માળામાં ઠરી ઠામ થયેલી જોવા મળે છે. હવે આવા નાના ટુકડામાં જમીનનું ઉપવિભાજન (Sub-Division) તથા જમીનના ટુકડાથી થતું વિભાજન (Fragmentation) પણ જમીનની નીચી ઉત્પાકતા માટે જવાબદાર ઘટક બને છે. મૂડી અછત, વૈજ્ઞાનિક દ્રષ્ટિનો અભાવ વગેરે પરિબળો આમાં જોવા મળે છે.

**(9) સાદી ટેકનોલોજી** :

મૂડીની અછતને લીધે આજે ૨૧મી સદીમાં પણ આ પ્રજાની ૫૫ ટકા ખેતી કોસિયા ખેતી તરીકે થાય છે, જયારે કેટલાક ખેડૂતો ઓઇલ એન્જિન કે ઇલેક્ટ્રિક મોટરનો ઉપયોગ કરતા થયા છે. આ ઉપરાંત વધુ ઉત્પાદન આપતાં બિયારણ (હાઇબ્રિડ), સિંચાઈ, ટ્રેક્ટર, રાસાયણિક ખાતર, દવા જેવી હરિયાળી ક્રાંતિ માટેની ઉચ્ચ ટેક્નોલૉજીનો નહિંવત પ્રમાણમાં ઉપયોગ કરે છે. પરંપરાગત બિયારણ, ખેતપદ્ધતિ તથા જ્ઞાનના ઉપયોગથી જે કંઈ ઉત્પાદન થાય તેનાથી સંતોષ માની જીવન વિતાવે છે.

**સંદર્ભ સૂચી** :

શાહ, એ.જી. અને દવે, જે.કે. (૨૦૦૬-૦૭) 'આદિવાસી સમાજનું સમાજશાસ્ત્ર' અનડા બુક ડેપો અમદાવાદ.

ડો. મીનાક્ષી ઠાકર (૨૦૦૪) 'આદિવાસી વિકાસ અને વન' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૩-૨૦૨૪ ગુજરાત રાજ્ય, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.